


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-06 ■ તા. 05-02-2018 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### તમામે ગુનો કબૂલ નહી હોવાની વાત કોર્ટને જણાવી

# જય શાહ ફરિયાદના કેસમાં બધા આરોપી કોર્ટમાં હાજર

## આરોપીઓની નોંધ રેકોર્ડ કર્યા બાદ કેસની વધુ સુનાવણી ૧૭મી માર્ચે થશે : આગામી ચરણમાં ચાર્જફ્રેમ કાર્યવાહી

અમદાવાદ,

નવી દિલ્હીના ધ વાયર નામના ન્યુઝ પોર્ટલમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પુત્ર જય શાહ અને તેની કંપની વિશે લખાયેલા વિવાદીત અને બદનક્ષીભર્યા આર્ટિકલ અંગે જય શાહે અત્રેની મેટ્રોપોલીટન કોર્ટમાં પોર્ટલના રિપોર્ટર રોહિણીસિંહ સહિત સાત આરોપીઓ વિરૂધ્ધ દાખલ કરેલી બદનક્ષીની ફરિયાદના કેસમાં આજે તમામ આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર રહ્યા હતા. કોર્ટે આરોપીઓની પ્લી રેકોર્ડ કરી હતી, જેમાં આરોપીઓએ સાફ શબ્દોમાં તેમની વિરૂધ્ધ જે ગુનાનો આરોપ લગાવવામાં આવ્યો છે, તે તેઓને કબૂલ નથી અને આ સમગ્ર આરોપ બેબુનિયાદ અને અસ્થાને હોવાની વાત કોર્ટ સમક્ષ જણાવી હતી. કોર્ટે આરોપીઓની પ્લી રેકોર્ડ કરી કેસની વધુ સુનાવણી તા.૧૭મી માર્ચ પર મુકરર કરી હતી.

જય શાહ દ્વારા ધ વાયર નામના ન્યુઝ પોર્ટલ વિરૂધ્ધ દાખલ કરાયેલી બદનક્ષીની ફરિયાદના કેસમાં રિપોર્ટર રોહિણીસિંહ ઉપરાંત ન્યુઝ પોર્ટલના ફાઉન્ડીંગ એડિટર સિધ્ધાર્થ વરદરાજન, સિધ્ધાર્થ ભાટિયા, એમ.કે.વેણુ, મેનેજીંગ એડિટર મોનોબીના ગુપ્તા, પબ્લીક એડિટર પામેલા ફિલિપોઝ સહિતના આરોપીઓ કોર્ટ રૂબરૂ હાજર રહ્યા હતા. તમામે તેમની વિરૂધ્ધ આરોપને ફગાવ્યા હતા અને ગુનો કબૂલ નહી હોવાની સાફ પ્લી કોર્ટ સમક્ષ રેકર્ડ કરાવી હતી. જેને કોર્ટે નોંધી હતી. આ કેસની વધુ સુનાવણી હવે તા.૧૭મી માર્ચે હાથ ધરાશે. આગામી તબક્કામાં હવે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જફ્રેમની કાર્યવાહી હાથ ધરાય તેવી શકયતા છે. ઉલ્લેખનીય છે કે, ફરિયાદી જય શાહ દ્વારા કરાયેલી અરજીમાં આક્ષેપ કરતાં જણાવાયું હતું કે, પ્રતિવાદી આરોપીપક્ષે તેમના ન્યુઝ પોર્ટલ પર ફરિયાદી અને તેમની સાથે જોડાયેલા અન્ય મહાનુભાવોની છબી ખરડાય તે પ્રકારે બિલકુલ ખોટી હકીકતો સાથેનો આર્ટિકલ પ્રસિધ્ધ કર્યો છે. એક જ વર્ષમાં કરોડો રૂપિયાના ટર્નઓવર વધી જવાની બાબતે જય શાહની કંપનીઓ અને તેમની કામગીરી સામે ગંભીર પ્રશ્નાર્થ અને શંકા આર્ટિકલમાં ઉઠાવાયા હતા. એટલું જ નહી, પોર્ટલના જવાબદારો દ્વારા ફરિયાદીને મોડી રાત્રે મેઈલ અને ફોન કરી જવાબ માંગવામાં આવે છે અને જો નિયત સમયમાં જવાબ ન અપાય તો લેખ છાપી કાઢવાની ધમકી અપાઈ હતી. એટલું જ નહી, પ્રતિવાદીઓએ મૂળ આર્ટિકલ પબ્લીશ કર્યા બાદ ફરિયાદીએ તેની સામે વાંધો લેતાં અને કાનૂની કાર્યવાહી કરવાની વાત કરતાં પોર્ટલના જવાબદારોએ રાતોરાત લેખ પણ બદલી કાઢયો હતો. ફરિયાદમાં રજૂઆત કરાઈ હતી કે, ન્યુઝ પોર્ટલના આર્ટિકલમાં જય શાહની ટેમ્પલ એન્ટરપ્રાઈઝ પ્રા.લિ કંપની અને તેના બીઝનેસમાં નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા બાદ અણધાર્યો ઉછાળો જોવા મળ્યો હોવાની અને કંપનીનું ટર્ન ઓવર એક જ વર્ષમાં રૂ.૫૦ હજારથી રૂ.૮૦ કરોડ સુધી પહોંચ્યુ હોવાની હકીકતો પ્રગટ કરવામાં આવી હતી. આરોપીપક્ષ દ્વારા ફરિયાદપક્ષનો જવાબ પૂરો છાપવાને બદલે અધૂરી અને ગેરમાર્ગે દોરતી હકીકતો લેખમાં પ્રગટ કરી અરજદારની બદનામી કરી છે અને સમાજમાં તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી છે. આ સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધ સંબંધિત કલમો હેઠળ ટ્રાયલ ચલાવી સખત નશ્યત કરવામાં આવે અને સીઆરપીસીની કલમ-૩૫૭ હેઠળ યોગ્ય હુકમ કરવામાં આવે એવી અદાલત સમક્ષ દાદ માંગવામાં આવી હતી.


અમદાવાદ શહેરના લાલદરવાજા સરદાર બાગમાં ટ્રાફિક ચિલ્ડ્રન પાર્કમાં બાળકો માટે નવી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જેથી નવું આકર્ષણ જામ્યું છે.

### પોતાની કોઈ સંડોવણી નહી હોવાનો પાંડેનો બચાવ

# ઈશરત કેસ : પાંડેની ડિસ્ચાર્જ અરજી પર ૧૬મીએ ચુકાદો

## પાંડેની ડિસ્ચાર્જ અરજીના કેસમાં અગાઉ ઈશરતની માતા શમીમા કૌસર પણ પક્ષકાર તરીકે જોડાઈ હતી : અહેવાલ

અમદાવાદ,

ચકચારભર્યા ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં ગુજરાતના નિવૃત્ત ઈન્ચાર્જ ડીજીપી પી.પી.પાંડેની આ કેસમાંથી પોતાને બિનતહોમત છોડી મૂકવા અંગેની ડિસ્ચાર્જ અરજીની સુનાવણી પૂર્ણ થઈ જતાં અત્રેની સ્પેશ્યલ સીબીઆઈ કોર્ટે આ અરજી પરનો ચુકાદો તા.૧૬મી ફેબ્રુઆરી પર અનામત રાખ્યો છે.

ઈશરત કેસમાં ગુજરાતના નિવૃત્ત ઈન્ચાર્જ ડીજીપી પી.પી.પાંડે દ્વારા દાખલ કરાયેલી આ ડિસ્ચાર્જ અરજીમાં અગાઉ ઈશરતની માતા શમીમાકૌસરે પણ અરજી કરી તેને આ કેસમાં પક્ષકાર તરીકે જોડવા માંગણી કરી હતી, જેને કોર્ટે ગ્રાહ્ય રાખી હતી. શમીમા કૌસર દ્વારા પાંડેની ડિસ્ચાર્જ અરજીનો સખત વિરોધ પણ અગાઉ કરાયો હતો. ઉચ્ચ પોલીસ અધિકારી પી.પી.પાંડેએ પોતાને એ કેસમાંથી બિનતહોમત છોડી મૂકવા દાદ માંગતી કરેલી ડિસ્ચાર્જ અરજીમાં એ મતલબની રજૂઆત કરી હતી કે, અરજદારની આ કેસમાં કોઈપણ પ્રકારે સંડોવણી કે જવાબદારી બનતી નથી કે તેમની વિરૂધ્ધમાં કોઈ પ્રથમદર્શનીય ગુનો પણ પ્રસ્થાપતિ થતો નથી. ખાસ કરીને કેસના ૧૦૫ સાક્ષીઓ કે જેઓને કોર્ટ રૂબરૂ તપાસવામાં આવ્યા છે, તેમાંથી કોઈએ પણ અરજદારનું નામ આરોપી તરીકે આપ્યુ નથી કે જણાવ્યું નથી. આમ, તેમની આ કેસમાં સીધી કે આડકતરી સંડોવણી જ નથી. તેમણે વધુમાં એવા મુદ્દા પણ ઉપસ્થિત કર્યા હતા કે, તેમની કામગીરીને ધ્યાનમાં લઈને જ ગુજરાત સરકારે તેમને નિવૃત્તિ બાદ પણ રાજય પોલીસમાં ઈન્ચાર્જ ડીજીપી પદે પુનઃસ્થાપિત કર્યા હતા, તેથી કોર્ટે તે બાબત પણ ધ્યાને લેવી જોઈએ. પાંડેએ એ મુદ્દે પણ કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, આ કેસમાં સીબીઆઈ દ્વારા દાખલ કરાયેલા પૂરવણી ચાર્જશીટમાં નિવૃત્ત સ્પેશ્યલ આઈબી ડાયરેકટર રાજેન્દ્રકુમારનું નામ આરોપી તરીકે દર્શાવ્યું હોવાછતાં હજુ સુધી તેને કોર્ટના રેકર્ડ પર લવાયા નથી. અરજદારને ખોટી રીતે આ કેસમાં સંડોવી દેવાયા છે અને તેમની વિરૂધ્ધ કોઈ ગુનો બનતો નહી હોવાથી કોર્ટે તેમને આ કેસમાંથી બિનતહોમત છોડી મૂકવા જોઈએ.

ઉલ્લેખનીય છે કે, સીબીઆઈએ ૨૦૧૩માં દાખલ કરેલા પ્રથમ ચાર્જશીટમાં પી.પી.પાંડે, ડી.જી.વણઝારા, જી.એલ.સિંઘલ સહિતના રાજયના સાત ઉચ્ચ પોલીસ અધિકારીઓના નામો સામેલ કર્યા હતા, જેને લઈ જબરદસ્ત ખળભળાટ મચી ગયો હતો. ગત તા.૧૫-૬-૨૦૦૪ના રોજ ઈશરત જહાં, તેના મિત્ર જાવેદ શેખ ઉર્ફે પ્રણેશ પિલ્લાઈ અને અન્ય બે શખ્સો સાથે કોતરપુર વોટર વર્કસ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ક્રાઈમબ્રાંચ સાથેના એન્કાઉન્ટરમાં આ ચારેય જણાં માર્યા ગયા હતા.

### ઓઢવમાં પરિણિતાના રહસ્યમય મૃત્યુથી ચકચાર

# પતિ નોકરીએ ગયો હતો તે દરમિયાન પરિણિતાનું મોત

## ગળેફાંસો ખાધો હોય તેવા કોઈ પુરાવાઓ પણ નહી મળતાં પોલીસ મૂંઝવણમાં : ગળા પર નિશાન જણાતાં ઉંડી તપાસ

અમદાવાદ,

શહેરના ઓઢવ વિસ્તારમાં આવેલી રબારી વસાહત પાસેની એક સોસાયટીમાં રહેતા ટ્રાફિક બ્રિગેડના જવાનના મકાનમાં ભાડેથી રહેતી એક પરિણિતાની રહસ્યમય સંજોગોમાં લાશ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પરિણિતાના મોતને લઈ સ્થાનિક રહીશોમાં અનેક અટકળો અને તર્ક-વિતર્કો વહેતા થયા હતા. પોલીસ તપાસમાં એવી હકીકત સામે આવી હતી કે, પરિણિતાનો પતિ નોકરી ગયો હતો અને તેનો નાનો પુત્ર સ્કૂલે ગયો હતો એ દરમ્યાન તેનું મોત થયું છે, તેથી પોલીસે આ પ્રકરણમાં મોતનું સાચુ કારણ શોધવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

આ બનાવની વિગતો એવી છે કે, ઓઢવ વિસ્તારમાં રબારી વસાહત પાસે આવેલી રણછોડ પાર્ક સોસાયટીમાં ૩૩ નંબરના મકાનમાં ટ્રાફિક બ્રિગેડમાં ફરજ બજાવતાં ગીરીશભાઈ પરસોત્તમભાઈ પરમાર રહે છે. તેમણે એક વર્ષ પહેલાં બનાસકાંઠા જિલ્લામાં રહેતા અને કન્સ્ટ્રકશન સાઈટ પર કામ કરતા ભરતભાઈ પરમારને મકાન ભાડે આપ્યું હતું. ભરતભાઈ તેમની ૩૦ વર્ષીય પત્ની દુર્ગાબહેન અને પાંચ વર્ષના પુત્ર સાહિલ સાથે આ મકાનમાં રહે છે. ગઈકાલે બપોરે સાડા બાર વાગ્યાની આસપાસ ભરતભાઈ પોતાના પુત્ર સાહિલને સ્કૂલે મૂકી તેમની સાઈટ પર નોકરીએ ગયા હતા ત્યારે દુર્ગાબહેન ઘરમાં એકલા હતા. એ દરમ્યાન શું થયું તે ઘટનાક્રમ પોલીસ માટે પણ હજુ રહસ્ય છે. દરમ્યાન સાંજે સાડા પાંચ વાગ્યાની આસપાસ દુર્ગાબહેન સાહિલને સ્કૂલમાં લેવા નહી જતાં સ્કૂલના સંચાલકોએ ભરતભાઈને ફોન કરીને જાણ કરી હતી. જેથી ભરતભાઈએ દુર્ગાબહેનને ફોન કર્યો હતો પરંતુ દુર્ગાબહેને ફોન નહી ઉપાડતાં ભરતભાઈએ તેમના મસિયાઈ બહેનને ફોન કરીને સાહિલને સ્કૂલમાંથી લઈ આવવા જણાવ્યું હતું. મસિયાઈ બહેન સાહિલને સ્કૂલેથી લઈ આવી ઘેર પહોંચ્યા હતા અને આવીને જોયું તો, દુર્ગાબહેન પલંગ પર પડયા હતા. એ જ સમયે ગીરીશભાઈના પત્ની ઉષાબહેન જે સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે, તેઓ પણ સાહિલને ટયુશનમાં જવાનું હોવાથી તેને લેવા માટે ઉપરના માળે ગયા હતા. બંનેએ દુર્ગાબહેનને ઉઠાડવાનો પ્રયાસ કર્યો પરંતુ દુર્ગાબહેન ઉઠયા ન હતા, તેથી આડોશપાડોશના લોકો પણ ત્યાં સુધીમાં એકઠા થઈ ગયા હતા. બધાએ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી દુર્ગાબહેનને સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા, જયાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. જો કે, દુર્ગાબહેનના ગળામાં ચાબખાના ઈજાના નિસાન જણાંતાં ડોકટરોએ ઓઢવ પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી સમગ્ર મામલામાં તપાસ હાથ ધરી હતી. પોલીસે હાથ ધરેલી પ્રાથમિક તપાસમાં કોઈ એવી વાત સામે આવી ન હતી કે, જેના પરથી દુર્ગાબહેનનું મોતનું કારણ સ્પષ્ટ થઈ શકે, તેથી પોલીસ પણ મૂંઝવાઈ છે. જો કે, પોલીસને પ્રાથમિક દ્રષ્ટિએ દુર્ગાબહેનનું મોત શંકાસ્પદ લાગી રહ્યુંછે. પોલીસના માનવા પ્રમાણે, તેમને ઘરમાંથી દુર્ગાબહેને ગળે ફાંસો ખાધો હોય તેવો કોઈ પુરાવો પણ મળ્યો નથી. મકાનમાંથી દોરી, દુપટ્ટો કે અન્ય કોઈ ચીજવસ્તુ એવી રીતે નથી મળી આવી કે, જેના પરથી સ્પષ્ટ થતું હોય કે, દુર્ગાબહેને ગળે ફાંસો ખાધો હોય. તેથી પોલીસે હાલ તો આ બનાવ મામલે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે પરંતુ મોતનું સાચુ કારણ જાણવાની દિશામાં પોલીસે ઝીણવટભરી તપાસ જારી રાખી છે. દુર્ગાબહેનની લાશના પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ સ્થિતિ વધુ સ્પષ્ટ થશે તેવું પણ પોલીસ માની રહી છે.

### ગુજરાત કોંગ્રેસ આઈટી સેલની યોજાઈ બેઠક

# કોંગ્રેસ આઈટી સેલ લોકસભા ચુંટણી માટે અત્યારથી સજ્જ

## ભાજપના ભ્રામક પ્રચારને નાબુદ કરવા અને ભાજપના જુઠ્ઠાણાને સોશિયલ મીડિયા પર ખુલ્લુ કરવા યોજાઈ બેઠક

અમદાવાદ,

ગુજરાતમાં ભાજપના ભ્રામક પ્રચારની પોલ ખોલવા માટે અને આગામી લોકસભાની ચુંટણીની રણનીતિની ચર્ચા વિચારણા કરવા માટે અમદાવાદમાં કોંગ્રેસ ભવન ખાતે એક ખાસ બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હતું. બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનીષ દોશી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ આઈટી સેલના ચેરમેન રોહન ગુપ્તા સહિત અન્ય આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત કોંગ્રેસ આઈટી સેલના ચેરમેન રોહન ગુપ્તાએ અમદાવાદ આઈટી સેલની બેઠકને સંબોધતા જણાવ્યુ હતું કે, ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં શહેરના આઈટી સેલના યોદ્ધાની મહેનતના કારણે કોંગ્રેસ પક્ષને ઘણો ફાયદો થયો અને ભાજપ સામે મજબુત પ્રતિકાર આપવામાં મોટો સહયોગ પ્રાપ્ત થયો છે. સાથે જ તેમણે જણાવ્યુ હતું કે, ગુજરાત ચુંટણી દરમિયાન પક્ષના નવસર્જન ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા માટે આઈટી સેલના લોકોએ રાત-દિવસ જોયા વિના ખૂબ મેહનત કરી. તેમજ આગામી દિવસોમાં પણ આપણે ભાજપના ભ્રામક પ્રચારને સોશિયલ મીડિયાના માધ્યમથી નેસ્તે નાબુદ કરવાની ઝુંબેશ હાથ ધરવાની છે. તેમાં આઈટી સેલના યોદ્ધાઓની મહેનત ખૂબ જ અગત્યનો ભાગ ભજવવાની છે. રોહન ગુપ્તાએ વધુમાં જણાવ્યુ કે, વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચુંટણી માટે અત્યારથી જ કાર્યરત થવાનુ છે. ઉપરાંત સ્થાનિક સ્વરાજ્ય સહિતની અનેક ચુંટણીમાં આઈટી સેલની મહત્વની ભૂમિકા રહેશે. મહત્વનુ છે કે, ગુજરાત વિધાનસભાના ચુંટણી પ્રચાર દરમિયાન ગુજરાત કોંગ્રેસ આઈટી સેલ દ્વારા વિકાસ ગાંડો થયો છે, જેવા અનેક સોશિયલ મીડિયા કેમ્પેઈન અને વીડિયો કેમ્પેઈન સફળતાપૂર્વક ચલાવવામાં આવ્યા હતા.

# સરપંચ બનવાની હોડ વચ્ચે અરવલ્લીમાં ૪ પંચાયતો સમરસ

ગાંધીનગર,

રાજ્યમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે અરવલ્લી જિલ્લામાં ૪ ગ્રામ પંચાયતો સમરસ કરીને ગામ લોકોએ ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. અરવલ્લી જિલ્લામાં કુલ ૩૧૮ ગ્રામ પંચાયતો છે, તે પૈકી મોડાસા તાલુકાની બાય, ધનસુરા તાલુકાની મલેકપુર પંચાયત તથા બાયચ તાલુકાની ઉભરણ અને બુડાસણ પંચાયત સમરસ જાહેર કરવામાં આવી છે. આ ચારેય ગામની મોટા ભાગની વસ્તી ખેતી અને પશુપાલન પર આધારિત છે. સુખદ આશ્ચર્યની વાત એ છે કે, ગામલોકો એકજૂથ થઈને બાયલ ગ્રામ પંચાયતને સતત ૨૫ વર્ષથી સમરસ જાહેર કરતા આવ્યા છે. જેના પરિણામે ચૂંટણી ખર્ચ પણ બચે છે.

ભેજ અને કલર ચુનાથી છુટકારો...

ઈટાલીયન માર્બલ - પેસ્ટ ડિઝાઈનર્સ

- માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમીકલ છે.
- દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
- માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી.
- દર વર્ષે કરાવવું પડતું નથી, પાંચથી દસ વર્ષે આરામથી ચાલે છે.

માર્બલ પેસ્ટ દરેક ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ.

Mo. 97245 98886 / 99838 10308

બિરલા પુટ્ટી, કલર, ઓઈલ પેઈન્ટનું કામ ઓર્ડર મુજબ કરી આપવામાં આવશે.

# જેટલીએ કોથળામાંથી કાઢ્યું બિલાડું, આ વર્ષે નહિં આવતા વર્ષે શરૂ થશે 'મોદી કેર'

ન્યુ દિલ્હી,

નાણામંત્રી અરુણ જેટલીએ બજેટના બીજા દિવસે ફોડ પાડતાં કહ્યું છે કે વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના સંપૂર્ણ કેશલેસ હશે અને આ રીઈમ્બર્સમેન્ટ સ્કીમ નથી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આરોગ્ય મંત્રાલય અને નીતિ આયોગ તેની સંપૂર્ણ રૂપરેખા ઘડી રહ્યા છે અને આવતા વર્ષથી તેનો અમલ શરૂ થશે. જરૂર પડશે તો આગામી બજેટમાં વધુ ફંડ ફાળવાશે. જેટલીએ ગુરુવારે બજેટ રજૂ કરતી વખતે નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ(NHPS)ની જાહેરાત કરી હતી, જે અંતર્ગત ૧૦ કરોડ ગરીબ પરિવારોને મેડિકલ સારવાર પેટે પાંચ લાખ રૂપિયા સુધીનું વીમા કવચ મળશે. કુલ વસતીના ૪૦ ટકા લોકોને આ યોજના હેઠળ આવરી લેવાશે.

જેટલીએ આ યોજના અંતર્ગત કહ્યું હતું કે 'હોસ્પિટલાઈઝેશન, બીજા અને ત્રીજા તબક્કાની સારવારનો સમાવેશ થશે. સ્વાભાવિક રીતે જ તેમાં વિવિધ રાજ્ય સરકારની હોસ્પિટલો અને પસંદગીની ખાનગી હોસ્પિટલોનો સમાવેશ કરાશે. તે ટ્રસ્ટ મોડેલ આધારીત અને ઈન્સ્યોરન્સ મોડેલ આધારીત હોઈ શકે છે. તે રિઈમ્બર્સમેન્ટ મોડેલ આધારીત નહીં હોય. કારણ કે રિઈમ્બર્સમેન્ટ મોડેલમાં ઘણી બધી ફરિયાદો આવે છે. હાલમાં નીતિ આયોગ અને આરોગ્ય મંત્રાલય આ મોડેલ નક્કી કરી રહ્યા છે. યોજનાનો અમલ આવતા વર્ષથી થશે.'જેટલીએ કહ્યું હતું કે માની લો તે આ ઈન્સ્યોરન્સ આધારીત મોડેલ હોય તો પોલિસીધારકોની સંખ્યા વધે તેમ પ્રીમિયમ ઓછું આવશે. જેટલીના બજેટમાં આ સૌથી મોટી જાહેરાત હતી જેની નિષ્ણાતોએ પ્રશંસા કરી છે, પરંતુ તેના અમલ અંગે પ્રશ્ન થઈ રહ્યા છે. કારણ કે આટલી મોટી યોજના માટે પહેલા તબક્કામાં માત્ર ૨૦૦૦ કરોડ રૂપિયા જ ફાળવાયા છે. જોકે નાણામંત્રીએ સ્પષ્ટતા કરી છે કે આ સંપૂર્ણ સરકારી ફંડથી જ સંચાલિત યોજના હશે અને સમય જતા તેના માટે જેટલા ફંડની જરૂર પડશે તેટલું ફાળવાશે. આગામી વર્ષોમાં આ યોજનાના અમલ માટે વધુ સુગમતા થશે તેમ તેમણે કહ્યું હતું.

નાણામંત્રી અરુણ જેટલીએ ગુરુવારે બજેટમાં મહત્ત્વાકાંક્ષી નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ(NHPS)ની જાહેરાત કરી છે, જે અંતર્ગત ૧૦ કરોડ ગરીબ પરિવારને પાંચ લાખ રૂપિયા સુધીની મેડિકલ સારવાર માટે વીમાનું કવચ મળશે. આ યોજના માટે અંદાજે દર વર્ષે ૧૧,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે તેમ એક અધિકારીએ કહ્યું હતું. અમેરિકામાં ઓબામાએ જાહેર કરેલી હેલ્થ પોલિસીને 'ઓબામાકેર' નામ અપાયું હતું તે મુજબ મોદી સરકારની આ યોજનાને 'મોદીકેર' તરીકે ઓળખાવવામાં આવી રહી છે. આ યોજના અંતર્ગત ૫૦ કરોડ જેટલા ગરીબોને પાંચ લાખ રૂપિયા સુધીની મેડિકલ સારવાર મફત મળશે.

જેટલીએ આરંભિક સ્તર પર આ યોજના માટે ૨૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે પરંતુ અધિકારીઓ કહે છે કે આ યોજના જેમ-જેમ આગળ ધપશે તેમ-તેમ તેના માટે વધુ ફંડ ફાળવાશે. હાલમાં અનેક રાજ્ય સરકારો વિવિધ પ્રકારે આરોગ્ય વીમા સેવા પૂરી પાડે છે, પરંતુ તે પ્રમાણમાં નાના સ્વરૂપમાં છે અને તેનો અમલ પણ એટલો અસરકારક રીતે થતો નથી.

નવી યોજના અંતર્ગત દરેક પરિવારનો વીમો લેવા માટે અંદાજે ૧૧૦૦ રૂપિયા જેવો ખર્ચ થશે. તમામ પરિવારના પ્રીમિયમ ભરવા માટે દર વર્ષે ૧૧,૦૦૦ કરોડ રૂપિયા જેવો ખર્ચ થશે. કેન્દ્ર સરકાર ૭૦૦૦ કરોડ રૂપિયા આપશે અને બાકીના રાજ્ય સરકારોએ આપવાના રહેશે. સરકાર કહે છે કે આ વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના હશે. નવા નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે સરકારે ૨૦૦૦ કરોડ રૂપિયા આપી દીધા છે અને બાકીના ૫૦૦૦ કરોડ રૂપિયા તબક્કાવાર રીતે યોજના જેમ આગળ વધશે તેમ આપવામાં આવશે. સરકારી આરોગ્ય વીમા કંપનીઓએ આ માટે ફંડ આપવાની તૈયારી બતાવી દીધી છે.

# જીવનને સરળ બનાવવા માટે છે સરકારી યોજનાઓ : મોદી

ગુવાહાટી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે આસામના ગુવાહાટી ખાતે 'એડવાન્ટેજ આસામ-ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૮' ને સંબોધન કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં અનિલ અંબાણી સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી.

સમિટમાં સામેલ થતા પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અંગે પોસ્ટ ટ્વિટર ઉપર કરી હતી. તેમણે પોતાના ટ્વિટમાં લખ્યું કે ગુવાહાટીના સંમેલનમાં સામેલ થવા માટે તેઓ ઘણા ઉત્સુક છે. તેમણે લખ્યું કે હું આ શિખર સંમેલનના આયોજન માટે આસામ સરકારને અભિનંદન આપું છું, જે આસામની રોકાણની ક્ષમતાને ખાસ કરીને દક્ષિણ અને દક્ષિણ પૂર્વ એશિયામાં અર્થવ્યવસ્થાઓ માટે વિનિર્માણ અને સેવાઓ દર્શાવશે.

મોદીએ કહ્યું કે, ભારતની વિકાસગાથામાં હજુ ગતિ પણ આવશે જયારે દેશમાં આપણી પૂર્વોત્તર રહેતા લોકોમાં અને તમામ ક્ષેત્રોના લોકોનો વિકાસ તેજ ગતિએ થાય. મોદીએ બે દિવસ પહેલા રજૂ થયેલા મહત્વના મુદ્દાઓ વિશે વાત કરી. ઉલ્લેખનીય છે કે, બે દિવસ સુધી ચાલનારી આ સમિટ દ્વારા રોકાણકારોને રાજયની મેન્યુફેક્ચરિંગ કેપેસિટી અને જિયો-સ્ટ્રેટેજિક ફાયદાઓ વિશે જણાવવામાં આવશે. તેના દ્વારા તેમને રાજ્યમાં ઈન્વેસ્ટમેન્ટ માટે આમંત્રિત કરવામાં આવશે. તેમાં ૪૫૦૦ રિપ્રેઝન્ટેટિવ્સે રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

મોદીએ કહ્યું, ભારતની વિકાસગાથામાં હજુ ગતિ પણ આવશે જયારે દેશમાં આપણી પૂર્વોત્તર રહેતા લોકોમાં અને તમામ ક્ષેત્રોના લોકોનો વિકાસ તેજ ગતિએ થાય. પૂર્વીય ભારતના વિકાસમાં એક નવા ઊર્જાકેન્દ્રની સ્થાપના થવી જોઈએ. આ જ અમારું વિઝન છે.

આજે જે મોટા પ્રમાણમાં આ આયોજન થયું છે, તે થોડાક વર્ષ પહેલા કોઇ વિચારી પણ નહોતું શકતું. આ એટલા માટે શક્ય બન્યું છે કારણકે હવે લોકોની વિચારધારા બદલાઈ છે. હવે હતાશાની જગ્યા આશાએ લઈ લીધી છે.

બેગણી ઝડપથી રેલવેલાઈનનો વિકાસ થઈ રહ્યો છે, બેગણી ઝડપે રેલવેલાઈનનું વીજળીકરણ થઈ રહ્યું છે. અમે અમારી યોજનાઓને એ દિશામાં લઈ જઈ રહ્યા છે જેથી લોકોના જીવનમાં ક્વૉલિટેટિવ ચેન્જ આવે, ઈઝ ઓફ લિવિંગને વધારે. લોકોનું સામાન્ય જીવન વધુ સરળ બનાવે.

બજેટમાં જે આયુષ્માન ભારતની યોજના છે, તે વિશ્વમાં આ રીતની સૌથી મોટી યોજના છે. ગરીબ ઘરની સૌથી મોટી ચિંતા હોય છે બીમારીનો ઈલાજ. ગરીબોને આ ચિંતામાંથી મુક્ત કરવા માટે અમે દેશના ૧૦ કરોડથી વધુ પરિવારોને આયુષ્માન ભારત યોજના સાથે જોડા રહ્યા છે. આ યોજના દ્વારા, સરકાર દ્વારા નિર્ધારિત હોસ્પિટલોમાં રૂ.૫ લાખ સુધીની સારવાર મફત કરાવવામાં આવશે.

આ યોજનાથી ટાયર-૨ અને ૩ના શહેરોમાં હોસ્પિટલોની સંખ્યા વધારવામાં આવશે, તેનાથી યુવાનો માટે રોજગારીની તકો ઊભી થશે અને રાજ્યના આંતરિક વિભાગોમાં રોકાણની તકો ઊભી થશે.

આશિયાન દેશ, બાંગ્લાદેશ, ભૂટાન, નેપાળ આપણે તમામ કૃષિપ્રધાન દેશો છીએ. આપણા સૌની ઉન્નતિ કૃષિક્ષેત્રના વિકાસ પર નિર્ભર છે. એટલે અમારી સરકાર ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

આ વર્ષે સરકાર ૧૪ લાખ કરોડ રૂપિયા કરતા વધારે કૃષિ અને ગ્રામીણ ક્ષેત્રે ખર્ચ કરવા જઈ રહી છે. આ ઉપરાંત ખેડૂતોને તેમની પાકના ખર્ચ કરતા ઓછામાં ઓછું દોઢગણું મૂલ્ય આપવામાં આવશે. સરકારનો આ બહુ મોટો નિર્ણય છે.

થોડાક અઠવાડિયા પહેલા અમે અન્ય એક મહત્વનો નિર્ણય કર્યો હતો. વૈજ્ઞાનિક રીતે વાંસ એ ઘાસની શ્રેણીમાં આવે, પરંતુ લગભગ ૯૦ વર્ષ પહેલા કાયદો બનાવનારાઓએ તેને ઝાડનો દરજ્જો આપ્યો. પરિણામે વાંસ ગમે ત્યાં ઊગે, તેને કાપવા અને ટ્રાન્સપોર્ટ કરવા માટે પરમિટની જરૂર પડતી હતી. આ વાતથી સૌથી વધુ નુકસાન ઉત્તર-પૂર્વના લોકોને થયું છે. ઘણી સરકારો આવી અને ગઈ પણ વાંસને વૃક્ષની પરિભાષામાં જ રાખવામાં આવ્યું. વાંસનો લાભ આદિવાસીઓ અને ખેડૂતોને મળે તે કામ અમારી સરકારે કર્યું છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગયા વર્ષે એક કરોડ ઘરો બનાવવામાં આવ્યા. આ વર્ષની સાથે આવતા વર્ષે પણ ૫૧ લાખ ઘરો બનાવવાની જાહેરાત બજેટમાં કરવામાં આવી હતી. હોમ લોન પર પણ વ્યાજમાં ઘણી છૂટ આપવામાં આવશે. રેરાથી આ સેક્ટરમાં ઘણી પારદર્શિતા આવી છે અને મધ્યમ વર્ગને ઘર મળવામાં સરળતા થઈ છે. હું વિદેશના લોકોને પણ આ સેક્ટરમાં આગળ વધીને રોકાણ કરવા અપીલ કરું છું.

મોદીએ કહ્યું, ઉત્તરપૂર્વના રાજયોમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના રિપોર્ટમાં આસામ પ્રથમ સ્થાને છે. રાજય સરકારના નેતૃત્વમાં આસામ રોકાણ કરવા માટેના શ્રેષ્ઠ રાજ્ય તરીકે ઈમ્પ્રુવ કરશે. કેન્દ્ર સરકારે ૧૧ હજારના કરોડના ખર્ચે ગુવાહાટીમાં એઈમ્સની સ્થાપનાને મંજૂરી આપી છે. કેન્દ્ર સરકારે નોર્થ-ઈસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટની નવી યોજનાને પણ મંજૂરી આપી દીધી છે. ઉત્તરપૂર્વમાં થઈ રહેલા આ રોકાણો અહીંયા ટૂરિઝમ વધારવામાં મદદ કરશે, યુવાનો અને મહિલાઓ માટે રોજગારીની નવી તકો ઊભી કરશે.આસામની સરકારને અભિનંદન આપું છું કે રાજ્યમાં ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી અને બિઝનેસ ફ્રેન્ડલી વાતાવરણ ઊભું કર્યું છે. આતંકવાદ વિરુદ્ધ પણ આસામ સરકાર આગળ આવી છે.ગુવાહાટીને સ્માર્ટ સિટી તરીકે પણ ડેવલપ કરવામાં આવી રહ્યું છે. આટલી મોટી ઈવેન્ટનું આયોજન કરવા માટે ફરી એકવાર આસામ સરકારને, ઉત્તરપૂર્વના લોકોને અભિનંદન આપું છું.

# સુપ્રિમનો ઐતિહાસિક ચુકાદો, પિતાની સંપત્તિ ઉપર પુત્રીઓનો બરાબરનો અધિકાર

ન્યુ દિલ્હી,

વર્ષ-૨૦૦૫માં કેન્દ્ર સરકારે હિન્દુ ઉત્તરાધિકાર કાનૂનમાં સંશોધન કરી પુત્રીઓને પૈતૃક સંપત્તિમાં બરાબરના હક્કની વ્યવસ્થા કરી હતી. હવે સુપ્રિમ કોર્ટે પણ આ મામલે મહોર લગાવી દીધી છે. કેન્દ્ર સરકારની વ્યવસ્થા ઉપર સુપ્રિમ કોર્ટે પોતાની સ્વીકૃતિ આપી દીધી છે. ગઈકાલે કોર્ટે પોતાના એક ફેંસલામાં સ્પષ્ટ કર્યુ હતુ કે, હિન્દુ ઉત્તરાધિકાર કાનૂન બધી મહિલાઓ ઉપર લાગુ પડે છે. કેન્દ્રનુ કહેવુ હતુ કે જેમનો જન્મ ૨૦૦૫થી પહેલા થયો હોય તેમને પણ આ કાનૂનનો અધિકાર મળશે. અત્રે એ નોંધનીય છે કે જસ્ટીસ સિકરી અને જસ્ટીસ અશોક ભુષણની બેન્ચે કહ્યુ હતુ કે સંશોધિત કાયદો એ ગેરેંટી આપે છે કે પુત્રી પણ જન્મથી હિસ્સેદાર રહેશે અને તેને પણ એવા જ અધિકાર અને ઉત્તરદાયિત્વ મળશે જેટલા પુત્રને મળે છે.

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૦૫ના હિંદૂ ઉત્તરાધિકાર કાયદામાં સંશોધન કરીને પૈતૃક સંપત્તિઓમાં દીકરીઓને પણ બરાબર હક્ક દેવાની વ્યવસ્થા કરી હતી. હવે સુપ્રીમ કોર્ટે શુક્રવારે આ કાયદા મામલે એક સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, આ કાયદો બધી જ મહિલાઓ પર લાગુ થાય છે ભલે તેઓ ૨૦૦૫ પહેલા જન્મી હોય.

જસ્ટિસ એ.કે. સિકરી અને જસ્ટિસ અશોક ભૂષણે કહ્યું કે, 'સંશોધીત કાયદો ગેરેંટી આપે છે કે દીકરી પણ જન્મથી જ પિતાની સંપત્તિમાં બરાબરની ભાગીદાર છે. જે રીતે દીકરાના હક્ક અને ફરજ હોય છે તેમ દીકરીના પણ હક્ક અને ફરજ એક સમાન જ છે. ત્યારે જો કોઈ મહિલા ૨૦૦૫ પહેલા જન્મી છે તેવા આધાર હેઠળ તેમને પોતાના હક્કથી દૂર રાખી શકાય નહીં.'

સુપ્રીમ કોર્ટે કહ્યું કે હિંદૂ ઉત્તારાધિકાર કાયદો-૨૦૦૫ તેની પહેલાના જૂના તમામ કેસ અને ત્યાર બાદ થયેલા તમામ કેસમાં લાગુ પડે છે. બંચે કહ્યું કે, 'સંયુકત હિંદૂ પરિવારથી જોડાયેલ કાયદો મિતાક્ષરા કાયદાથી સંચાલિત થાય છે. જેમાં સમય સમય પર ઘણો બદલાવ આવ્યો છે.'

તેમણે કહ્યું કે, 'કાયદામાં જે સંશોધન થયું હતું તેનો ઉદ્દેશ્ય દીકરીઓને પણ દીકરા સમાન જ હક્ક આપવાનો હતો. તેથી તે આવા દરેક મામલે લાગુ પડે છે.' સર્વોચ્ચ ન્યાયાલયે આ આદેશ બે બહેનો દ્વારા કરવામાં આવેલ અરજીને આધારે કર્યો છે. આ બંને બહેનો પિતાની સંપત્તિમાં પોતાનો હક્ક ઈચ્છતી હતી પરંતુ ભાઈઓએ તેમને સંપત્તિમાં ભાગ આપવાની ના પાડી હતી. જે બાદ ૨૦૦૨માં તેમણે અદાલતની શરણ લીધી હતી.

ટ્રાયલ કોર્ટે વર્ષ ૨૦૦૭માં તેમની અપીલને એમ કહીને ઠુકરાવી દીધી હતી કે તેમનો જન્મ વર્ષ ૨૦૦૫ પહેલા થયો છે. તેના કારણે તેઓ સમાન અધિકારીના હક્કદાર નથી. જે બાદ હાઈકોર્ટે પણ આવો જ ચુકાદો આપ્યો હતો. જે બાદ બંને બહેનો સુપ્રીમ કોર્ટ પહોંચી હતી. અને સુપ્રીમ કોર્ટે પોતાનું અવલોકન આપતા હાઈકોર્ટના ચુકાદને પલટાવી નાખ્યો હતો.

# બોપલ ઓવરબ્રીજ પાસે કારમાંથી પોલીસ કર્મીનો મૃતદેહ મળતાં ચકચાર

અમદાવાદ,

શુક્રવારે સાંજે અમદાવાદના બોપલ ઓવરબ્રીજ પાસે બલેનો કારમાંથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. જેના કારણે સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને રસ્તા પર ભારે ટ્રાફિક જામ પણ થઈ ગયો હતો. બીજી તરફ આ બનાવની જાણ થતા બોપલ અને સરખેજ પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, કારની ડ્રાઈવર સીટ પર જે યુવક મળી આવ્યો હતો તે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ રણજીતસિંહ મકવાણા હતા. જે સાણંદમાં રહેતા હતા. જો કે સાવચેતીના ભાગરૂપે નજીકમાં આવેલી કેડીલા ઝાયડસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ડોક્ટરે જણાવ્યું હતું, રણજીતસિંહનું મોત થઈ ચુક્યું છે. જેમાં હાર્ટ એટેક કારણે મોત થયાનો પ્રાથમિક રિપોર્ટ આપ્યો હતો. આ અંગે સરખેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી આર રામાણીએ જણાવ્યું હતું કે, રણજીતસિંહનું મોત હાર્ટ એટેકના કારણે થયાની શક્યતા છે. જો કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતના ચોક્કસ ખબર પડી શકે તેમ છે. જો કે હાલ અમે અકસ્માત મોતનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. તેમનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સોલા સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો. જયારે વાડજ પોલીસ સ્ટેશના પોલીસ ઈન્સ્પેક્ટર જે આઈ રાઠવા કહે છે કે, રણજીતસિંહ ગત તારીખ ૧૧મી ડીસેમ્બરથી સીક લીવ પર હતા. રણજીતસિંહ અવારનવાર ફરિયાદ કરતા હતા કે તેમને છાતીમાં દુખાવા રહેતો હતો. આથી અમે એમને જનરલ ડ્યુટીમાં જ રાખ્યા હતા અને ભારે કામની ડ્યુટી સોંપવામાં આવતી નહોતી. હાલ અમે તેમના મેડીકલ રિપોર્ટને તપાસી રહ્યા છે. રણજીતસિંહ સાણંદમાં રહેતા અને બલેનો કાર લઈને સાંણદથી વાડજ અપડાઉન કરતા અને શુક્રવારે કદાચ સાણંદ જતા તેમનું મોત થયાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે. આ બનાવ બાદ પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને તેમના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. રણજીતસિંહના પરિવારમાં બે સંતાનો અને પત્ની છે. નાની ઉંમરમાં મૃત્યુ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

## શહેરમાં ગેરકાયદે કોલ સેન્ટરનો સિલસિલો જારી

# મીરઝાપુરમાંથી કોલ સેન્ટર ઝડપાયુ : ૪ની ધરપકડ થઈ

અમદાવાદ,

શહેરના મીરઝાપુર વિસ્તારમાં ગેરકાયદે રીતે ચાલતુ વધુ એક કોલ સેન્ટર ક્રાઈમબ્રાંચના સાયબર સેલના અધિકારીઓએ પકડી પાડી તેનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે આ ગેરકાયદે કોલ સેન્ટર ચલાવવાના પ્રકરણમાં ચાર આરોપી યુવકોની ધરપકડ કરી હતી અને ઘટનાસ્થળેથી કોમ્પ્યુટર, મોબાઈલ, મેજિક જેક ડિવાઈસ, બનાવટી દસ્તાવેજો સહિતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં એ વાત સામે આવી હતી કે, આરોપીઓ અમેરિકન નાગરિકોને લોન અપાવવાની લાલચ આપી જુદી જુદી વેરીફિકેશન ફી, લોન એગ્રીમેન્ટ ફી સહિતના બહાના હેઠળ લાખો રૂપિયાની રકમ ખંખેરી લેતા હતા.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેર ક્રાઈમબ્રાંચના સાયબર સેલના અધિકારીઓને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના મીરઝાપુર વિસ્તારમાં આવેલા ગ્રામ્ય કોર્ટની સામે કામા કોમર્શીયલ સેન્ટરમાં ગેરકાયદે કોલ સેન્ટર ધમધમી રહ્યું છે, તેથી સાયબર સેલના અધિકારીઓએ સ્ટાફ સાથે ભારે ગુપ્તતાપૂર્વક અચાનક જ ઉપરોક્ત સ્થળે દરોડા પાડયા હતા. દરોડા દરમ્યાન ઘટનાસ્થળેથી આરોપી અબ્દુલ લતીફ અબ્દુલ હબીબ શેખ(ઉ.વ.૩૦)(રહે.લખોટા પોળ, દરિયાપુર), ડેની બાલોટિયા(ઉ.વ.૨૪)(રહે. ચામુંડાનગર, નારણપુરા), સુનીલ કુમાવત(ઉ.વ.૨૪)(રહે.રામકૃષ્ણનગર, ઘાટલોડિયા)અને આકાશ કનોજિયા(ઉ.વ.૨૧)(રહે.ભાવસાર હોલની બાજુમાં, શાહપુર) ઝડપાઈ ગયા હતા. આરોપીઓની પૂછપરછ દરમ્યાન પોલીસને જાણવા મળ્યું હતું કે, આ કોલ સેન્ટર આરોપી અબ્દુલ લતીફ શેખનો કુટુંબી ભાઈ જકી ઉર્ફે રાજુ સીરાઝભાઈ શેખ ચલાવતો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં એ વાતનો પણ ખુલાસો સામે આવ્યો હતો કે, આરોપીઓ અમેરિકન નાગરિકોના લીક ડેટા ગેરકાયદે પેડેડ પ્રોસેસ સ્ક્રિપ્ટના આધારે મેળવી તેઓને મેજિક જેક ડિવાઈસ મારફતે ફોન કરતા હતા અને તેઓને ફોનમાં લોન અપાવવાની લાલચ આપી જુદી જુદી વેરીફિકેશન ફી, લોન એગ્રીમેન્ટ ફી સહિતના બહાના હેઠળ લાખો રૂપિયાની રકમ ખંખેરી લેતા હતા. આરોપીઓ તેમની જાળમાં ફસાયેલા અમેરિકન નાગરિકોના ડોલર આઈટયુન્સ કાર્ડ અને સ્ટીમકાર્ડના સ્વરૂપમાં નંબર મેળવી પ્રોસેસ કરી પૈસા મેળવી લેતા હતા. લીડ અને આઈટયુન્સ કાર્ડની પ્રોસેસ મુખ્ય આરોપી જકી ઉર્ફે રાજુ શેખ અને હબીબ નામનો શખ્સ કરતા હતા. પોલીસને દરોડા દરમ્યાન કેટલાક બનાવટી દસ્તાવેજો પણ મળી આવ્યા હતા.

# અંડર ૧૯ વર્લ્ડ કપ : ઓસ્ટ્રેલિયા પર જીત મેળવી ભારત ચેમ્પિયન

માઉન્ટ,

આઈસીસી અન્ડર-૧૯ વિશ્વકપની ફાઈનલ મેચમાં ભારતે આજે ઓસ્ટ્રેલિયા પર આઠ વિકેટે જીત મેળવીને ચોથી વખત તાજ જીતી લેવામાં સફળતા મેળવી હતી. આ મેચમાં ભારત તરફથી મનજોત કાલરાએ અણનમ ૧૦૧ રન ફટકાર્યા હતા. મનજોત ઉપરાંત આ મેચમાં ભારતીય બોલરોએ પણ જોરદાર દેખાવ કર્યો હતો. ભારતીય બોલરોની શાનદાર બોલિંગના કારણે શક્તિશાળી ઓસ્ટ્રેલિયન ટીમ માત્ર ૨૧૬ રન જ બનાવી શકી હતી. ભારતે રેકોર્ડ ચોથી વખત આ ટ્રોફી જીતી લીધી છે. મનજોતને શાનદાર દેખાવ કરવા બદલ મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે આ ટુર્નામિન્ટમાં સતત સારો દેખાવ કરનાર શુભમન ગિલની મેન ઓફ ધ સિરિઝ તરીકે પસંદગી કરવામાં આવી હતી. શુભમને આ વર્લ્ડ કપમાં કુલ પાંચ ઈનિંગ્સમાં એક સદી અને ત્રણ અડધી સદી કરી હતી. શુભમને કુલ ૩૭૨ રન કર્યા હતા. મનજોત ઉપરાંત હાર્વિક દેસાઈએ અણનમ ૪૭ રન કર્યા હતા. કેપ્ટન પૃથ્વી શોએ ૨૯ રન કર્યા હતા. રાહુલ દ્રવિડના નેતૃત્વમાં મેદાનમાં ઉતરેલી ટીમ સમગ્ર સ્પર્ધા દરમિયાન અપરાજિત રહી હતી. તે કોઈ પણ મેચમાં હારી ન હતી. જીતવા માટેના ૨૧૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારત તરફથી કેપ્ટન પૃથ્વી શા અને મનજોત કાલરાએ શાનદાર શરૂઆત કરી હતી. પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૭૧ રન ઉમેરી લીધા હતા. આની સાથે જ જીત સરળ બની હતી. મનજોત અને શુભમને બીજી વિકેટની ભાગીદારીમાં ૬૨ રન કર્યા હતા. ૩૧ રન કર્યા બાદ ગિલ આઉટ થયો હતો. મેચમાં વરસાદના કારણે રમત બગડી હોવા છતાં અંતે ભારતે જીત મેળવી હતી. અગાઉ ઓસ્ટ્રેલિયાની ટીમ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૨૧૬ રન કરીને ઓલઆઉટ થઈ હતી. જોનાથન મેરલોએ ૭૬ રન કર્યા હતા. ભારત તરફથી પોરેલે, કમલેશ નગરકોટી, શિવાસિંહ અને અનુકુલે બે બે વિકેટ ઝડપી હતી. ફાઈનલ મેચમાં આજે ભારતીય ખેલાડીઓએ જોરદાર રમત રમીને તેમની સર્વોપરિતા સાબિત કરી હતી. ભારત અને ઓસ્ટ્રેલિયા અન્ડર-૧૯માં બે સૌથી સફળ ટીમો હજુ સુધી રહી છે. આજની ફાઈનલ મેચ પહેલા બંને ટીમોએ ૩-૩ વખત ટ્રોફી જીતવામાં સફળતા મેળવી હતી. ભારતીય ક્રિકેટ ટીમના ભાવિ સ્ટાર પૃથ્વી શાના નેતૃતવમાં ટીમ ઈન્ડિયાએ નવો ઈતિહાસ સર્જ્યો હતો. તે ભારતને અન્ડર-૧૯ તાજ જીતાડનાર મોહમ્મદ કૈફ ૨૦૦૨, વિરાટ કોહલી ૨૦૦૮, ઉનમુક્તચાંદ ૨૦૧૨ બાદ ચોથો ખેલાડી બની ગયો હતો. વર્તમાન ફોર્મને જોતા ભારતીય ક્રિકેટ ટીમ પહેલાથી જ ફેવરીટ દેખાઈ રહી હતી અને ધારણા પ્રમાણે જ ભારતીય ખેલાડી છવાયેલા રહ્યા હતા.ફાઈનલ મેચ પહેલા ભારતે પાંચ મેચ જીતી હતી. જેમાં સેમિફાઈલનમાં પાકિસ્તાન સામે ૨૦૩ રને જીતેલી મેચનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉપરાંત ટુર્નામિન્ટની પ્રથમ મેચમાં જ ઓસ્ટ્રેલિયાને ૧૦૦ રને હાર આપી હતી.આ વર્લ્ડ કપમાં ભારતે ઓસ્ટ્રેલિયા પર બે મેચ જીતી હતી. પાકિસ્તાનની સામે ૨૭૨ રન બનાવ્યા બાદ પાકિસ્તાનની ટીમ ૬૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. પ્રથમ મેચ ગુમાવી દીધા બાદ ઓસ્ટ્રેલિયાએ પણ વાપસી કરીને સતત ચાર મેચ જીતી ક્વાર્ટર ફાઈનલમાં ઈંગ્લેન્ડ ઉપર ૩૧ રને જીત મેળવી હતી. અફઘાનિસ્તાન પર છ વિકેટે જીત મેળવી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, ૩૦મી જાન્યુઆરીના દિવસે ક્રાઈસ્ટચર્ચમાં શુભમન ગીલની શાનદાર સદી અને ઈશાન પોરેલની જોરદાર બોલિંગની સહાયથી ભારતે અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપની બીજી સેમીફાઈનલમાં પાકિસ્તાન પર ૨૦૩ રને મોટી જીત મેળવી ફાઈનલમાં આગેકુચ કરી લીધી હતી.ભારતે નિર્ધારિત ૫૦ ઓવરમાં નવ વિકેટ ગુમાવીને ૨૭૨ રન કર્યા હતા. જવાબમાં પાકિસ્તાનની ટીમ માત્ર ૬૯ રનમાં ખખડી ગઈ હતી. ભારત તરફથી ઈશાન પોરેલે ચાર અને રયાન પરાગ તેમજ શિવાસિંહે બે બે વિકેટ ઝડપી હતી. પાકિસ્તાન તરફથી રોહેલે સૌથી વધારે ૧૮ રન કર્યા હતા. બાકીના તમામ બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. ૨૭૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા પાકિસ્તાને કંગાળ શરૂઆત કરી હતી.

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

ગાંધીનગર મુખ્ય કાર્યાલય

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ, સેક્ટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

એડીટોરીયલ ચીફ :
બકુલ એ. રાવલ

અમદાવાદ મુખ્ય કાર્યાલય

૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : નિલેશભાઈ રાવલ

૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યુ.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001